

**કુલીન મણિયારઃ** ભારતને આત્મનિર્ભર બનાવવા તહેવારોમાં દેશી પ્રોડક્ટ ખરીદવી જરૂરી.



**ગુંજન પંડ્યાઃ** રાજસ્થાનની જેમ હવે ગુજરાતમાં પણ ભાઈ-ભાભીની રાખડી લોકપ્રિય બની છે.



**જ્યોતિ ભંડારીઃ** ખાસ પ્રકારની માટીમાંથી એક રાખડી બનાવતાં અડધો-પોણો કલાક લાગે છે.



**મહેન્દ્ર પોહાનીઃ** ગયા વર્ષની ચીનની રાખડીઓ નાના દુકાનદારો સસ્તામાં ખરીદી લે છે.

વડાપાંઉ-ઢોસા, વગેરેનાં ચિહ્નવાળી રાખડી તૈયાર કરી...'

આસામથી લઈને વિશાખાપટ્ટનમ્ અને ગુજરાતથી નોઈડા પહોંચેલી જ્યોતિએ હવે કસ્ટમાઈઝ રાખડીઓ બનાવવાનું પણ શરૂ કર્યું છે. મતલબ એ કે તમે કહો એ વાનગી કે વાનગીની સાથે નામવાળી રાખડીઓ બનાવે છે. નવાઈની વાત એ છે કે જ્યોતિ પોતે તો જ્વેલરીના બિઝનેસમાં છે, પણ લૉકડાઉનને લીધે એ બિઝનેસ હાલપૂરતો ઠપ્પ થઈ જતાં છેલ્લા એકાદ-બે મહિનામાં જ એણે આ કળા હસ્તગત કરી રાખડી બનાવવાની શરૂઆત કરી ને લો, જે ઈન્સ્ટન્ટ હિટ નીવડી. તમામ રાખડી પોર્સેલીન ક્લે (ઝટ સુકાઈ જતી માટી)માંથી હાથબનાવટની છે અને ક્યાંય કોઈ મશીનનો ઉપયોગ કરવામાં આવતો નથી. એક રાખડી બનાવતાં કમ સે કમ અડધો-પોણો કલાક લાગી જાય છે. ૧૦૦ રૂપિયાથી શરૂ થાય છે ને કસ્ટમાઈઝ રાખડી ૨૫૦ રૂપિયા સુધીમાં વેચાય છે. *(ફેસબુક પેજ વિઝિટ કરોઃ Daagina.)*

બાય ધ વે, રક્ષાબંધનને આડે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. લોકોએ રાખડી ખરીદવાનો આરંભ કરી દીધો છે. જો કે જેમનો ભાઈ કે બહેનનું ઘર રેડ ઝોનમાં હોય ત્યારે ભાઈ-બહેને રક્ષાબંધન રૂબરૂમાં કઈ રીતે મનાવવી એ અંગે સરકારે કોઈ ગાઈડલાઈન જાહેર કરી નથી. □

પૂરક તસવીરોઃ **ચિરાગ ભટ્ટ**

હાઉસ ઑફ કીચનવેર
ગ્લેર
આપનો હરહંમેશનો સાથી

## માઈલસ્ટોન

□ મહાન ચિત્રકાર પાબ્લો પિકાસોનાં ચિત્રોની જેટલી ચોરી થઈ છે એટલી બીજા કોઈ ચિત્રકારનાં ચિત્રોની નથી થઈ.

□ અવકાશવિજ્ઞાનીઓએ પૃથ્વીથી માત્ર ૧૦૦૦ પ્રકાશવર્ષ દૂર એક બ્લૅક હોલ શોધી કાઢ્યો છે.

□ સૈન્યમાં ભારે વજનના માલસામાનની હેરફેર માટે અમેરિકા રોબોટિક ઘોડા બનાવી રહ્યું છે.

□ લોસ એન્જલિસમાં આવેલી *ટાઈમ ટ્રાવેલ માર્ટ*માં માત્ર એવી સામગ્રી મળે છે, જે તમે ટાઈમ ટ્રાવેલ કરવાના હો તો કામમાં આવે.

□ *બ્રાઉન રેટ્સ* નામની ઉંદરની પ્રજાતિનાં માત્ર એક નર-માદા ઉંદરની જોડ બચી હોય તો પણ ૧૮ મહિનામાં એ ઉંદરો દસ લાખ થઈ જઈ શકે છે.

□ માણસના શરીર પરથી દર વર્ષે ચાર કિલો જેટલી ચામડી ખરી જાય છે.

□ દુનિયામાં સૌથી વધુ જંગલી ઊંટની વસતિ ઑસ્ટ્રેલિયામાં છે, જે આશરે સાડા સાત લાખથી વધુ છે.

□ યુક્રેનની નૌસેના દરિયાઈ યુદ્ધ માટે ડૉલ્ફિન્સને પણ તાલીમ આપી તૈયાર રાખે છે.

